# ગ-માર્ગ પર અન્ડર પાસની કામગીરીને અનુલક્ષી રથયાત્રાના રૂટમાં થોડો ફેરફાર

**અષાઢી બીજે ભગવાન જગન્નાથજીની રથયાત્રા ભાવિકો સ્વાગત માટે ઉત્સુક : : બગી , ભજન મંડળી અને ૫૦ જેટલા વાહનો સાથે ડીજે ના સુર સાથે ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા નિકળશે : સવારે ૭ કલાકે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરેથી પ્રસ્થાન કરશે : ફિલ્મી ગીતો નહીં વગાડવા તેમજ રાજકીય પ્રસાર પ્રચાર માટે પ્રતિબંધ : રથયાત્રાને અનુલક્ષી તૈયારીઓ આખરી તબક્કામાં : સેકટરોમાં દિવ્ય રથનુ સ્વાગત કરવા ભાવિકો ઉત્સુક**

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં છેલ્લા બે વર્ષથી કોરોના કાળમાં તહેવારોની ઉજવણીનો રંગ ફીક્કો પડી ગયો હતો જયારે ભગવાન જગન્નાથજીની રથયાત્રાનુ પણ આયોજન પ્રતિકાત્મકરૂપે કરાયુ હતુ. જયારે બે વર્ષના અંતે શહેરમાં રથયાત્રાનુ આયોજન કરવામાં આવતા ભાવિકોનો ઉત્સાહ બેવડાયો છે. આગામી અષાઢી બીજના રોજ સવારે ૭ કલાકે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરથી ભગવાનની રથયાત્રાનુ પ્રસ્થાન થશે. રથયાત્રામાં બગી, ભજન મંડળી, અખાડા અને ડિજે ના સુર સાથે ૫૦ જેટલા વાહનો જોડાશે જય રણછોડ .. માખણચોરના જયઘોષથી નગરના માર્ગો ગુંજી ઉઠશે જયારે આ વખતે રથયાત્રાના પરંપરાગત રૂટમાં થોડો ફેરફાર કરવાની ફરજ પડી છે. ગ માર્ગ પર અન્ડર પાસનુ કામ ચાલતુ હોવાના લીધે સે-૧૬ બ્રહ્મભવનથી રથયાત્રા ફતેપુરા તરફ આગળ વધીને સે-૧૩ લીંબચ મંદિરના રૂટમાં આગળ જશે જયારે ત્યારબાદપરંપરાગત રૂટમાં રથયાત્રા આગળ વધશે. ભગવાનના દિવ્ય રથનુ સ્વાગત કરવા માટે ભાવિકો ઉત્સુક બન્યા છે. સેકટરોમાં પણ રથયાત્રાના રૂટમાં ભાવિકો માટે પણ જરૂરી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સે-૨૯ જલારામ ધામ ખાતે ભગવાનના મોસાળમાં ભાવિકો માટે મહાપ્રસાદનુ આયોજન કરવામાં આવ્યુ છે.



ગાંધીનગરમાં બે વર્ષના અંતે ભગવાન જગન્નાથજીની ૩૮ મી રથયાત્રાનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. કોરોના કાળમાં છેલ્લા બે વર્ષથી રથયાત્રાનુ પ્રતિકાત્મક આયોજન કરવામાં આવતુ હતુ. જયારે આગામી તા ૧ જુલાઈએ અષાઢી બીજના રોજ ભગવાન જગન્નાથજીની રથયાત્રા સવારે ૭ કલાકે સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતેથી પ્રસ્થાન કરશે. રથયાત્રામાં ભગવાનના દિવ્ય રથ સાથે બે બગી , સહીત ૫૦ જેટલા વાહનો પણ જોડાશે. આ ઉપરાંત અખાડાના કરતબો પણ ભાવિકોને જોવા મળશે. જય રણછોડ..માખણચોર..ના જયઘોષ સાથે ડી જેના સુર વચ્ચે ભગવાનનો દિવ્ય રથ નગરના સેકટરોમાં વિવિધ રૂટ પરથી પસાર થશે જો કે આ વર્ષે રથયાત્રાના રૂટમાં થોડો ફેરફાર કરવામાં આવ્યો છે. શહેરના ગ માર્ગ પર છેલ્લા બે વર્ષથી અન્ડરપાસ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. જો કે આ કામગીરી લાંબા સમયથી પુર્ણ ન થતા સ્થાનિકો પણ ગળે આવી ગયા છે. જયારે આ કાર્યયોજનાને અનુલક્ષી રથયાત્રા સમિતિએ પણ રથયાત્રાના રૂટમાં ફેરફાર કર્યો છે. જેના લીધે ભગવાનની રથયાત્રા સે-૧૬ બ્રહ્મભવનથી જમણી તરફ થઈને ફતેહપુરા બાજુ આગળ વધીને સે-૧૩ માં પ્રવેશ કરશે. જયાં લીંબચ માતા મંદિર થઈને પરંપરાગત રૂટ તરફ આગળ વધશે. ભગવાન જગન્નાથજીની રથયાત્રાને અનુલક્ષી એકતરફ ભાવિકોમાં પણ ઉત્સાહનુ મોજુ ફરી વળ્યુ છે. જયારે બીજીતરફ રથયાત્રા સમિતિ પણ રથયાત્રાના ભવ્ય આયોજનને અનુલક્ષી તૈયારીમાં લાગી ગઈ છે. રથયાત્રાના આડે હવે માત્ર બે દિવસ જ રહ્યા હોવાથી આખરી તબક્કામાં તૈયારીઓ ચાલી રહી છે. ભગવાનનો રથ પણ સુશોભિત કરી દેવાયો છે. રથયાત્રામાં ભગવાનના રથ સાથે ઘોડાગાડી ડિજે અને અખાડા સાથે ટુ વ્હીલરની સંખ્યા પણ વિશેષ રહેશે. રથયાત્રા દરમિયાન કોઈપણની લાગણી દુભાઈ નહીં તેનો વિશેષ ખ્યાલ રાખવામાં આવશે. રથયાત્રામાં નગરની સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ પણ જોડાશે. જેમાં ભજન મંડળીનો પણ સમાવેશ થશે આ ઉપરાંત વેશભુષામાં સજ્જ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં કોરોનાના ૯ અને ગ્રામ્યમાં ૭ કેસ નોંધાયા

**લોકલ ટ્રાન્સમિશનને લઈ કેસો વધ્યા : સે. ૫ માં ૨, સે. ૩ માં ૨, સે. ૧૯ માં એક, રાંદેસણમાં બે, સરગાસણ અને કોબામાંથી કેસો મળ્યા : ગાંધીનગર ગ્રામ્યમાં ૪ કેસ, કલોલમાં બે કેસ તેમજ માણસામાં એક કેસ નોંધાયો**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં કોરોનાના નવા નવ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં નવા ૭ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ વધતાં તંત્ર પણ આજે સતત દોડધામ કરતુ નજરે પડ્યુ હતુ.

ગાંધીનગર શહેર-જિલ્લામાં છેલ્લા થોડાક દિવસથી લોકલ ટ્રાન્સમિશનથી કેસો મળી રહ્યા છે. જો કે શહેરમાં કોરોના સ્થિર થયો છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો વધી રહ્યા છે.

કોરોના ગાઈડલાઈનના પાલનમાં લોકોની બેદરકારી તેમજ મહિલા દર્દી અને મોટી વયના દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવ કેસ નોંધાયા છે. જેમાં પાંચ મહિલા દર્દી, ૬૦ થી વધુ વય ધરાવતા ત્રણ દર્દી અને એક ૧૭ વર્ષીય યુવકનો સમાવેશ થાય છે. શહેરમાં નોંધાયેલા કેસોમાં મોટા ભાગના કેસ લોકલ ટ્રાન્સમિશનના હોવાનું તંત્રનું પ્રાથમિક અનુમાન છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં ૪ કેસ તેમજ સેક્ટરોમાં પાંચ કેસ નોંધાયા છે. સે. ૫, ૩ અને સે. ૧૯ જે અગાઉની લ્હેરમાં પણ સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભર્યા હતા ત્યાંથી કેસો મળી આવતાં તંત્ર ચંક્યુ છે. આ ઉપરાંત કોબા, રાંદેસણ અને સરગાસણમાંથી કેસ મળ્યા છે.

કોબામાં ૩૪ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. રાંદેસણ ગામે એક વૃદ્ધ દંપત્તિ કોરોનાની ઝપેટમાં આવ્યુ છે. સરગાસણમાં ૫૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં સે. ૫ માં આજે બે કેસ નોંધાયા છે. ૨૬ વર્ષીય યુવાન અને ૧૭ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૩ માં બે કેસ મળ્યા છે. બન્ને મહિલા દર્દી છે. ૩૦ વર્ષીય મહિલા અને ૭૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર


## બેસણું - ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



**સ્વ. અનિલભાઈ લિલાધરભાઈ વ્યાસ**
સ્વ. તા. ૨૬-૬-૨૦૨૨, રવિવાર

પ્રભુને ગમ્યું તે ખરું

- સદ્દગતનું બેસણું -
તા. ૩૦/૬/૨૦૨૨, ગુરૂવાર
સવારે ૮-૩૦ થી ૧૦-૩૦
તિરૂપતિ બાલાજી મંદિર,
સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે રાખેલ છે.

વ્યાસ પરિવારના સૌને જય મહાદેવ

## જોઈએ છે

૧ - કપલ જોઈએ છે - મેલ ડ્રાઈવિંગ અને ફિમેલ ઘરકામ માટે જોઈએ છે.
૧ - સફાઈ કામદાર કમ સિક્યુરિટી ગાર્ડ જોઈએ છે

જોબ લોકેશન - ગાંધીનગર
કોન્ટેક્ટ નંબર - ૯૪૨૬૦ ૦૫૧૦૧
(૧૦-૩૦ થી ૬-૦૦માં જ ફોન કરવો)



## "સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર

**૨૦૨૨-૨૩નો પ્રારંભ**

સૌને પોષાય એવી સભ્ય ફી કપલ દીઠ માત્ર રૂા.૨૦૦૦/- (વાર્ષિક)
વ્યક્તિગત રૂા.૧૨૦૦/- (વાર્ષિક)

'સંસ્કૃતિ' સંસ્થાએ ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષ દરમિયાન તેનાં સભ્ય થયેલા મિત્રોને તે વર્ષના બે કાર્યક્રમો કોરોનાના રોગચાળાને કારણે આપી શકી ન હતી. એ વાત નૈતિક રીતે યાદ રાખીને અને સને ૨૦૨૨-૨૩ના કાર્યક્રમોનો પ્રારંભ કરતા પહેલાં સૌ પ્રથમ ઉક્ત નૈતિક જવાબદારી પૂર્ણ કરી છે.

'સંસ્કૃતિ' સંસ્થા હવે આગામી વર્ષના ધમાકેદાર કાર્યક્રમોની શરૂઆત ટૂંક સમયમાં કરવા જઈ રહી છે. આગામી થોડા દિવસોમાં તેની વિગતો અત્રે જાહેર થશે.

તો જૂના જે જૂજ સભ્યોએ નવા વર્ષનું સભ્યપદ મેળવવાનું બાકી છે તે સત્વરે સભ્યપદ મેળવી લે. 'સંસ્કૃતિ' સંસ્થા તેની પરંપરા મુજબ આ વર્ષે પણ મનગમતા મનભાવન કાર્યક્રમો આપને પીરસસે તેની ખાત્રી આપવામાં આવે છે.

(૧) સંસ્થાના આ વર્ષના પુનઃ સભ્ય થવા માટે સુંદર પ્રતિસાદ અપેક્ષિત છે.
(૨) વર્ષમાં ૬ ઉત્તમ આયોજનો- જેમાં ફિલ્મ સંગીત, લોકસાહિત્ય કે હાસ્ય રસનો કાર્યક્રમ.

**સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :**

(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ફોન:૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, સ્કાય વ્યુ કોમ્પલેક્ષ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) સેક્ટર-૨
ડૉ. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૪) નવા સચિવાલય :
શ્રી પરાગ શુકલ (મો) ૮૮૪૯૩ ૦૨૬૬૮
શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૦૯૦૦૪
શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૫) જૂના સચિવાલય :
શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬
(૬) વાવોલ :
શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૬૮૨૧૬૬
શ્રીમતી પ્રીતિ મહેતા (મો) ૮૩૨૦૪ ૧૮૪૫૨
(૭) ગુજરાત વિદ્યુત બોર્ડ :
શ્રીમતી પરમજીત કૌર (મો) ૮૩૪૭૪ ૩૧૯૦૦
(૮) સેક્ટર-૨૦
સુશ્રી ચેતના બુચ (મો) ૯૮૨૫૮૧૬૦૧૮
(૯) સેક્ટર-૭
શ્રીમતી આરતી ભટ્ટ (મો.) ૯૯૨૫૦૯૭૦૭૮
(૧૦)સેક્ટર-૮
પ્રા. ડૉ.લીના રાણા (મો.) ૯૪૨૭૦૪૯૦૪૭
(૧૧) ડૉ. અનિલ પટેલ (મો.) ૯૩૨૭૮ ૩૫૨૧૫

આવો... આજે જ સભ્યપદે નોંધાઇને નાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...

મનોજ શુક્લ, મહામંત્રી, ૯૮૨૫૮૭૯૫૨૯
રમેશ પટેલ, પ્રમુખ, ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)





Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com